॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ ૯ સપ્ટેમ્બર-ઑક્ટોબર ૧૯૮૮ અંક ૨

## વાલીઓને,

### વિજ્ઞાનપ્રવાહ પ્રવેશની સમસ્યા

સરકારી તંત્ર જ્યારે કોઈ વ્યવસ્થા હાથમાં લે ત્યારે સીધા સાદા પ્રશ્નો પણ કેવા જટિલ બની જાય છે તેનો બૂરો અનુભવ અમદાવાદ શહેરના વાલીઓએ મોંઘી કિંમત ચૂકવીને કર્યો. સતત બે માસ સુધી માનસિક તનાવ દોડાદોડી, અનિશ્ચિતતા અને આક્રોશના દશ્યો, અસહાય બનીને જોતાં રહેવું પડયું.

મોટાં ભાગની શાળાઓને હાયર સેકન્ડરી વિભાગ કાઢવામાં રસ નહોતો, એટલું જ નહીં પણ તેના ભય સ્થાનોનો પણ પાકો અંદાજ હતો. માધ્યમિક કેળવણીનું સાબૂત માળખું આનાથી હચમચી જશે તેવો ડર હતો. પણ પોતાની સંસ્થામાં વર્ષો સુધી જેમણે અભ્યાસ કર્યો હોય તેવા બાળકોની મુશ્કેલી નજરમાં રાખીને હાયર સેકન્ડરી વિભાગ ચાલુ કર્યો. કેટલીક શાળાઓ એવી હતી કે જેમનું અભ્યાસનું સ્તર સારૂં ગણાય, તેમણે આ વિભાગ ચાલુ ન કર્યો તેમાંથી મુખ્યત્વે પ્રશ્નો ઉભા થયા. ખૂબ ઉંચી ટકાવારી મેળવતા આવી શાળાના વિદ્યાર્થીઓના પ્રવેશના સંદર્ભમાં પ્રશ્નો ઉઠવા લાગ્યા કે આવા વિદ્યાર્થીઓ જાય કયાં? આવા પ્રશ્નો ગંભીરતાથી વિચારી આવા તેજસ્વી વિદ્યાર્થીઓને કોલેજમાં સમાવી ત્યાં વર્ગો શરૂ કરાવવાની અથવા જે તે શાળા ઉપર આ ફરજ લાદવાને બદલે જેમણે પોતાની વ્યવસ્થા પૂરતા આવા વર્ગો, જે શાળાઓએ શરૂ કર્યા હતા ત્યાં જ આ વિદ્યાર્થીઓના પ્રવેશના નિયમો કરીને સમગ્ર વ્યવસ્થા ખોરવાઈ જાય તેવી ચેષ્ટા કરી. જે સરકારે શાળાઓને ભૂતકાળમાં પરિપત્ર પાઠવી ફરજ પાડી હતી કે પોતાની શાળાનો વિદ્યાર્થી જે તે શાળાએ દાખલ કરવો જ જોઇએ. તેની જગ્યાએ બહારના વિદ્યાર્થીઓની ટકાવારી આપી તેમના પ્રવેશની ફરજ પાડતાં સરકારને કાંઇ ખચકાટ ન થયો તે એક આશ્ચર્ય તો છે પણ સરકારી તંત્રની વિશ્વસનીયતા ડગાવે તેવું છે.

પોતાને કયાં પ્રવેશ મળશે તે ચિંતામાં એકનો એક વિદ્યાર્થી બધે જ પ્રવેશ માટે પ્રયત્ન કરતો હોઈ પ્રવેશકાર્ય ખૂબ લાંબો સમય ચાલે એવું બનવા લાગ્યુ. આને કારણે શ્રેણી ૧૧નું શિક્ષણકાર્ય મોડું થતું અને વિદ્યાર્થીઓને સહન કરવાનું આવતું. આમાંથી કોમ્પ્યુટર દ્વારા પ્રવેશ પદ્ધતિનો આશા અને ઉત્સાહથી સૌએ સ્વીકાર કર્યો.

જે કામ માણસે કરવાનું હતું તે જ કોમ્પ્યુટરે કરવાનુ હોઇ સ્હેજે આશા બંધાઈ હતી કે દસેક દિવસમાં તો બધું વ્યવસ્થિત થઈ જશે. પરંતું જે કંઇ બન્યું તે બધાથી તમે સૌ સુપરિચિત છો. આપણે આશા રાખીએ કે આ મોંઘો બોધપાઠ આવતા વર્ષોમાં ઉપયોગી થશે. થોડાં સૂચનો કર્યા સિવાય રહી શકાતું નથી.

(૧) પોતાને ફાળે આવતી સંખ્યા મુજબ ગુણાનુક્રમે પોતાની જ શાળાના વિદ્યાર્થીઓના પ્રવેશનું કાર્ય જે તે શાળા પરિણામ આવતાની સાથે જ કરી લે જેથી બાકી રહેતા વિદ્યાર્થીઓનો જ પ્રશ્ન ઉભો રહે.

(૨) વાલીઓને ફોર્મ અંગેની પૂરતી સમજ આપવામાં આવે.

(૩ શાળાઓનાં પૂરા સરનામાં લખવામાં આવે.

(૪) શાળાઓને જુદા જુદા ઝોનમાં વહેચવામાં આવે.

(૫) કોમ્પ્યુટર માટેના ફોર્મ ઉપર શાળાનાં આચાર્યના સહી સિક્કા આવશ્યક ગણવામાં આવે.

(૬) પ્રથમ તબક્કામાં પ્રવેશ માટે કોર્પોરેશનની હદમાં (અથવા તેનાથી એકાદ બે કિલોમીટરના વિસ્તારમાં) આવેલી શાળાનાં ફોર્મ્સ માન્ય કરવામાં આવે.

આ ઉપરાંત માત્ર ગણિત અને વિજ્ઞાનના ગુણના સરવાળાને બદલે બધા વિષયના ગુણના સરવાળામાં ગણિત અને વિજ્ઞાનના ગુણ ઉમેરવામાં આવે જેથી આ કક્ષાએ વિદ્યાર્થીઓ અન્ય વિષયોની ઉપેક્ષા ન કરે.

શાળાઓના સહકારથી પ્રવેશનું કાર્ય આવતા વર્ષોમાં સરળ બનશે તેવી શુભેચ્છા સાથે.

દિનુભાઇના વંદન

## મારા અવિસ્મરણીય દિવસો

ક્રિકેટ એ એવી રમત છે કે તે જોવા બેસો તો ભણવાનું ય ભૂલી જવાય ને તેમાં ય એ રમત રમવા માટે જો પરદેશ જવાની તક મળે તો તો મન આનંદથી ઝૂમી જ ઊઠે ને! મને જીવનની આવી એક અનેરી તક સાંપડી.

મારી જીંદગીની પરદેશગમનની એ પહેલી તક હતી. એનો આનંદ તો હતો જ, અને તેમાં ય એ તક મને ક્રિકેટ રમવા જવા માટે મળી હતી અને એથી મારો આનંદ અધિકગણો હતો, ખરેખર મારું મન થનગની ઊઠ્યુ હતું

છેલ્લા ઘણાં વર્ષોથી હું ખૂબ જ નિયમિત રીતે ક્રિકેટ રમતો હતો, તે માટે વ્યવસ્થિત શિક્ષણ લેવાનો પ્રયાસ પણ જ્યારે તક મળતી ત્યારે કરી લેતો અને વર્ષો સુધીની આ સાધના પછી જ્યારે મારી પસંદગી ક્રિકેટ રમવા માટે ઇગ્લેન્ડ અને કેનિયા જવા માટે થઈ ત્યારે મારી એ સાધનાની સફળતા મને પ્રાપ્ત થતી લાગી.

તા. ૪–૬–૮૮ના રોજ અમે મુંબઈના સહાર એરપોર્ટ પરથી નૈરોબી જવા ઉપડયા. નૈરોબીમાં અમારી ટીમ પ્રિમીયર કલબ, નૈરોબી જીમખાના, સાંઇબાબા ટીમ વિ. સાથે ઘણી મેચો રમ્યાં, જેમાં અમે ફક્ત એક મેચ સિવાય બીજી મેચોમાં જીત મેળવી. ચંદ્રકાત મહેતા અને સંજય માંજરેકર સામેની મેચમાં પણ અમે જીત્યા, ત્યારબાદ અમે મોમ્બાસા જઇને પણ બે મેચ રમ્યાં, અને બંનેમાં અમે જીત મેળવી.

૨૮–૬–૮૮નાં રોજ અમે લંડન જવા ઉપડયાં બર્મિંગહામમાં અમે ત્રણ મેચ રમ્યાં જેમાંથી બેમાં અમે વિજય મેળવ્યો. ત્યાં એક જ જગ્યાએ અગીયાર રસ્તા ભેગા થતા જોઈને અમને આશ્ચર્ય થયું. બર્મિંગહામનું 'પેવેલિયન' શોપીંગ સેન્ટર, ત્રણ માળનું આખું કાચનું મકાન જોઈ મારું મન વાહવાહ પોકારી ઊઠયું, ત્યાંથી અમે સ્કોટલેન્ડ ગયા. એડીનબર્ગનો ફોર્થ રોડબ્રીજ દોઢ માઇલ લાંબો છે જે આખો દોરડા પર લટકે છે, તેને બાંધતા છ વર્ષ થયાં હતાં. ત્યાંથી અમે લેસ્ટર બે મેચ રમવા માટે ગયાં. ત્યાંથી લંડન જવાનો રસ્તો આખો ભૂગર્ભમાર્ગ છે. લંડનની ગ્લેકસોની વિશાળ ફેકટરી અને આપણા નહેરૂ જે યુનીવર્સીટીમાં ભણતા હતાં તે કેમ્બ્રીજ યુનીવર્સીટી પણ જોઇ.

આ પ્રવાસની કેટલીક વાતો મારા મન પરથી હજી ખસી શકતી નથી. ગાંધીજીએ જેને માટે અથાગ પ્રયત્નો કર્યા હતા તે કાળાધોળાનો ભેદભાવ હજી આજે પણ આફ્રિકામાં જોવા મળ્યો. કેટલાક શહેરોના આઠ આઠ ટ્રેકવાળા રસ્તા જોઈ મને થયું, 'શું આ ભારતમાં શકય છે ખરૂ'? બર્મિંગહામમાં મારે એક રસ્તો ઓળંગવો હતો જ્યાં વાહનોની ખૂબ અવરજવર હતી હું થોડીવાર રોકાયો ત્યાં એક બેન મને મદદ કરવા આવી પહોંચ્યા, તરત જ તે **'STOP'** નું બોર્ડ લઈ રસ્તા વચ્ચે ઊભા રહી ગયાં ને વાહનો થોભી ગયાં, રસ્તો ઓળંગી દીધો ભારતમાં આવું શકય બને ખરૂં?

ક્રિકેટને કારણે કરેલો આ પ્રવાસ મારા જીવનનો યાદગાર પ્રવાસ બની રહ્યો.

**નીરજ શાહ (૯ क)**

## ગુલાબ

ગુલાબ ફૂલ તું શું મલકાય  
તુજ પર હર્ષ ઘણો લહેરાય,  
પવન સંગ તું રંગે રમે  
તારી સુવાસ ચોગમ ભમે,  
તું મોતી શા ઝાકળ ઝીલે  
કાંટા પર પણ તું ખીલે,  
સદા હસતું રહેજે ગુલાબ  
ભલે ખાલી રહે મુજ ફુલછાબ,  
તુજને ચૂંટી હું નહીં દઉ  
દૂરથી નીરખી હું સુખમાં રમું,  
ગુલાબ ફુલ તું શું મલકાય  
તુજ પર હર્ષ ઘણો લહેરાય

**જાનકી શાહ (૭ ब)**

## કા'નાની વાંસળી

જમુના કિનારે અજવાળી રાતે  
ઓલ્યો કા'નો વગાડે રૂડી વાંસલડી  
વાંસળી વગાડી તેં તો  
ઝબકી જગાડી મને,  
મનડાનો મોર મારો ઝાલ્યો ના રહે  
વાગી તારી વેણુ, હું તો દોડીને આવી  
જમુના કિનારે.......

વાંસળી વગાડી તેં તો  
મોહિની જગાડી તેં તો  
કદંબની હેઠે તેં તો રાસ રમાડિયો  
વાગી તારી વેણુ, હું તો દોડીને આવી  
જમુના કિનારે.......

**મૌલિ ભરતભાઈ રાવળ (૯ ब)**

## તોફાની બાળક — એક સમસ્યા

"બ્હેન, પેલો ધવલ અમે રમીએ છીએ ત્યાં વચ્ચે આવીને અમારો બોલ ઝૂંટવી લે છે.", અને, "પેલો નિરજ અમે ચિત્ર કરતાં હતાં ને ત્યાં આવી અમારો રંગ ઢોળી ગયો, જુઓને બેન મારું આખુંય ચિત્ર બગાડી કાઢયું." "અને બેન પેલો મૌલેશ બધા છોકરાંઓને મારે છે." શાળા સમય દરમ્યાનની બાળકોની આ ફરિયાદ રોજેરોજની હોય જ અને શાળાનું એ સ્વાભાવિક વાતાવરણ છે. છતાં બીજી દૃષ્ટિએ વિચાર કરીએ તો બીજા બાળકોની સુખ શાંતિ અને પ્રવૃત્તિમાં દખલગીરી કરતાં આવા બાળકો ખરેખર એક સમસ્યારૂપ તો છે જ.

બાળક બધાંની સાથે હળીમળીને રહેતાં શીખે, તેનાં વર્તનનું ઘડતર થાય, તેનું યોગ્ય સામાજીકરણ થાય તે માટે તો તેને શાળાએ મોકલવામાં આવે છે, બીજાની હાજરીની સભાનતા સાથે પોતાનાં ઉદ્દેશો પાર પાડવા કેવી રીતે વર્તવું તે જ સામાજીકરણનું મુખ્ય ધ્યેય છે અને છતાં ય બાળક જ્યારે આમ બીજાને મુશ્કેલીઓ ઊભી કરતું દેખાય છે ત્યારે એક વિચાર હંમેશા આવે છે. 'શું બાળકને બીજાને મુશ્કેલી ઊભી કરવાનું કંઇ કારણ છે? તેનાથી તેને સંતોષ તો ન જ મળી શકે પણ તેમ કરવાથી તેને પોતાને ય પછી તો દુઃખ જ થતું જોવામાં આવે છે, તો પછી એ એવી કઇ લાગણીનાં આવેગોને આધીન થઇ આવું વર્તન કરતું હશે?...."

આના જવાબમાં સામાન્ય રીતે એવુ જોવામાં આવ્યું છે કે બાળક જ્યારે ઘેરથી જ અસ્વસ્થ મનોદશામાં શાળાએ આવે છે ત્યારે શાળામાં તેનાં વર્તનમાં કંઈને કંઇ મુશ્કેલી જણાય છે. મા બાપને બાળક ખૂબ વ્હાલું તો હોય જ પરંતુ કામના બોજામાં વ્યસ્ત હોવાને કારણે ક્યારે ક બાળકને જરૂરી હોય ત્યારે પ્રેમ અને હૂંફ આપવામાંથી આપણે ચૂકી જઇએ છીએ તો ક્યારેક વર્ગના બીજા વિદ્યાર્થીઓ સાથે પણ બાળક અનુરૂપતા ન સાધી શકે ત્યારે આવા આક્રમક વર્તન તરફ દોરાય છે, અને ત્યારે મોટેભાગે શિક્ષા કરતાં સમજાવટ પ્રેમહૂંફ અને સુરક્ષિતતા જ વધુ અસરકારક નીવડે છે, ને તેમાં ય શાળા તેમ જ વાલી તરફથી એ દિશામાં એક સરખી રીતે જો પ્રયત્ન કરવામાં આવે તો ધાર્યું પરિણામ જરૂર લાવી શકાય.

ઊર્મિલા શાહ




# સંસ્થાકીય સમાચાર

## બાલમંદિર

તા. ૨૦-૮-૮૮ને શનિવારનાં રોજ સંસ્થાનો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો. તાલીમ મંડળીનાં બાળકોએ અદમ્ય ઉત્સાહ અને ઉમંગ સાથે આ ઉત્સવની ઉજવણીમાં ભાગ લીધો. બાળરથ, બાલકૂચ અને ગરબો એ આ ઉત્સવનો મુખ્ય કાર્યક્રમ હતો. બાળરથીનું પૂજન સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી જયોતિષભાઇ દાંડવાળાનાં હસ્તે કરવામાં આવ્યું.

તા. ૨૬-૮-૮૮ને શુક્રવારે તાલીમ મંડળીના બાળકોએ રક્ષાબંધનનું પર્વ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ રીતે ઉજવ્યું.

તા. ૨-૮-૮૮ને શુક્રવારે તાલીમ મંડળીનાં બાળકોએ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો. શ્રી કૃષ્ણની બાળલીલાનાં દશ્યો સુંદર અને ભાવવાહી રીતે રજૂ કર્યા

તા. ૧૫-૧૦-૮૮નાં રોજ યોજાયેલ નવરાત્રિ મહોત્સવની ઉજવણી માટે બાળકો ઉત્સાહભેર તૈયારી કરી રહ્યાં છે.

આ બધાં જ કાર્યક્રમોમાં અમને વાલીઓનો અમૂલ્ય સહકાર મળે છે.

## શિશુમંદિર

**ઉત્સવો :** ૧૭-૮-૮૮નાં રોજ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતિ નિમિત્તે તેમના જીવન ઝરમરનો પરિચય આપવામાં આવ્યો તે સાથે તેમના રચેલા કાવ્યો સમૂહગાન રૂપે રજૂ કરવામાં આવ્યા.

૨૦-૮-૮૮નાં રોજ સંસ્થાનો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો. જેમાં બાલકૂચ, બાલરથ, બાલપૂજન અને ગરબા રજૂ કરવામાં આવ્યા. બાલરથીનુ પૂજન સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી શ્રી શ્યામભાઈ ગોપાલભાઇ ને હસ્તે કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓનો ઉત્સાહ આ પર્વની ઉજવણી માટે અનેરો હતો.

૮-૯-૮૮નાં રોજ ધો. ૫,૬,૭ નાં વિદ્યાર્થી ભાઈ બહેનોએ અને તા. ૯-૯-૮૮નાં રોજ ધો. ૧ થી ૪નાં વિદ્યાર્થી ભાઇબહેનોએ જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવ્યો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ કૃષ્ણ જન્મથી માંડી કંસવધ સુધીનાં પ્રસંગો ભાવવાહી રીતે રજૂ કર્યા. આ સાથે પાત્ર અનુસાર વેશભૂષા માટે પણ વિદ્યાર્થી ભાઇબહેનોએ ખૂબ ધ્યાન આપ્યું. આખોય કાર્યક્રમ એક યાદગાર ઉત્સવ બની રહ્યો. સૌ બાળકોએ બાળારાજા કૃષ્ણને પારણામાં ઝુલાવવાનો લ્હાવો પણ લીધો.

૧૨-૯-૮૮નાં રોજ પર્યૂષણપર્વનાં જન્મ વાંચન દિન નિમિત્તે ભગવાન મહાવીરનાં જીવનનાં વિધવિધ પ્રસંગો નાટય, સંગીત અને વક્તવ્ય રૂપે રજૂ થયાં. ઉપરાંત સૌએ ભેગાં મળી સ્તવનો પણ રજૂ કર્યા.

સ્પર્ધાઓ :-

રક્ષાબંધનનાં પર્વને અનુલક્ષીને તા. ૨૯-૮-૮૮નાં રોજ આંતરગૃહ રાખડી સ્પર્ધા યોજવામાં આવી, વિદ્યાર્થી ભાઈબહેનોએ જુદી જુદી વસ્તુઓમાંથી એ સમય દરમ્યાન જાતે જ રાખડીઓ તૈયાર કરી, જેમાં વિજેતા નિવડનાર નીચે મુજબ ભાઈબહેનોને અભિનંદન.

**પ્રથમ** – શીલ દેસાઇ [ધવલગિરિ]
**દ્વિતીય** – ઝલક શાહ [ધવલગિરિ]
રીકીન શાહ [રત્નદીપ]
**તૃતિય** – ચિન્મય પટેલ [મેઘનાદ]
દર્શિની પરીખ [મેઘનાદ]

૭-૯-૮૮નાં રોજ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ શતાબ્દી નિમિત્તે ધો. ૧ થી ૪માં સુલેખન સ્પર્ધા યોજાઈ જેમાં વિજેતા નીવડનાર નીચે મુજબ વિદ્યાર્થી ભાઈબહેનોને અભિનંદન.

ધો. ૧ **પ્રથમ**-વાચા શુકલ [૧અ]
**દ્વિતીય**-નીકી ચોકસી [૧ગ્ર]
**તૃતીય**-દર્શન શાહ [૧ગ્ર]
ધો. ૨ **પ્રથમ**-વૈશલ શાહ [૨અ]
**દ્વિતીય**-રાજવી દલાલ [૨અ]
**તૃતીય**-ધૃતિ મહેતા [૨અ]
ધો. ૩ **પ્રથમ**-ચિંતન ગોસલીયા [૩ગ્ર]
**દ્વિતીય**-શાલ્વી મહેતા [૩ક]
**તૃતીય**-દિપલ પંચાલ [૩અ]
ધો. ૪ **પ્રથમ**-પિંકી રાજા [૪ગ્ર]
**દ્વિતીય**-દર્શિલ શાહ [૪ક]
**તૃતીય**-નીતી શાહ [૪અ]

વકતવ્ય :-

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મશતાબ્દિ નિમિત્તે ધો. ૭નાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે 'ગુરૂ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગુ પાય' વિષય પર ચર્ચાસભા યોજાઈ જેમાં વિદ્યાર્થી ભાઈબહેનોએ બહુ અસરકારક રીતે પોતાનાં વિચારો રજૂ કર્યા.

આ ઉપરાંત નીચે મુજબ વક્તવ્ય પણ રજૂ થયાં.

૯-૮-૮૮ સંત તુલસીદાસ
૧૦-૮-૮૮ શહીદ વીર વિનોદ કિનારીવાલા
૧૧-૮-૮૮ ખુદીરામ બોઝ
૧૨-૮-૮૮ ડો, વિક્રમ સારાભાઇ
૧૬-૮-૮૮ શ્રી રામકૃષ્ણ પરમહંસ
૨૪-૮-૮૮ કવિ શ્રી નર્મદ
૨૭-૮-૮૮ મધર ટેરેસા
૫-૯-૮૮ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
૨૨-૯-૮૮ માઈકલ ફેરેડે
૨૮-૯-૮૮ લુઈ પાશ્ચર

**અભિનંદન :**- અમદાવાદ એલીસબ્રીજ જીમખાના તરફથી ૭-૮-૮૮નાં રોજ યોજાયેલ તરણ સ્પર્ધામાં ચિ. અંકુર રાજુભાઇ શાહ (૯ક) ને બટર ફલાય ફ્રી સ્ટાઇલ અને બ્રેસ્ટ સ્ટ્રોકમાં અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઇનામ મેળવવા બદલ અભિનંદન. તેઓ ઈન્ટર કલબ તરણ સ્પર્ધામાં પણ તૃતીય સ્થાન મેળવે છે. જ્યારે ચિ. અનુજ રાજુભાઇ શાહ (૪ક) એ સ્પર્ધામાં સર્ટીફીકેટ ઓફ ઓનર્સ મેળવે છે તે માટે તેમને અભિનંદન.

અમદાવાદ મિલીટરી એન્ડ રાઈફલ ટ્રેઈનીંગ એસોસિએશન તરફથી યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં કુ. કલગી શાહને દ્વિતીય ઈનામ મેળવવા બદલ અભિનંદન. બેંક ઓફ ઈન્ડિયા તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ચિ. ચિંતન જોશી (૪ક) ને દ્વિતીય ઈનામ મેળવવા બદલ અભિનંદન.

## વિનયમંદિર

તા. ૩-૮-૮૮નાં રોજ ડૉ. થાનકીએ વિદ્યાર્થીનીઓને 'એકયુપ્રેશર' ઉપર પ્રવચન આપી, પ્રયોગ દ્વારા તેની સમજ આપી

તા. ૨૦-૮-૮૮નાં રોજ સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે ધો. ૮,૯ની વિદ્યાર્થીનીઓએ ગરબો રજૂ કર્યો. અને વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવી. આ જ પ્રસંગે આખા વર્ષ દરમ્યાન થયેલ વિવિધ સ્પર્ધાનાં પ્રમાણપત્રો પણ અતિથિવિશેષ શ્રી શ્યામભાઈના હસ્તે આપવામાં આવ્યાં.

તા. ૨૦-૭-૮૮નાં રોજ પ્રો. ટી. જે. પુરાણીએ ધો. ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓ સમક્ષ 'The World of the writers' વિષય પર પ્રવચન આપ્યું.

તા. ૨૭-૭-૮૮ના રોજ ગુજરાતીના પ્રાધ્યાપક શ્રી મફતભાઈ ઓઝાએ ધો. ૧૧ અને ૧૨નાં વિદ્યાર્થીઓ સમક્ષ 'જીવનમાં કાવ્યનું મહત્વ' એ વિષય ઉપર મનનીય પ્રવચન આપ્યું.

તા. ૧-૯-૮૮ના રોજ 'વિશ્વ શાંતિ દિન' નિમિત્તે શ્રી મનુભાઈ પાલખીવાળાએ 'યુદ્ધ અને વિનાશ' ઉપર વક્તવ્ય રજૂ કર્યુ.

તા ૨-૮-૮૮નાં રોજ સંસ્થામાં ચાલતી ઈન્ટરેકટ કલબ ઓફ શારદામંદિરના ૧૯૮૮-૮૯ વર્ષનાં હોદ્દેદારોની પદગ્રહણવિધિ યોજવામાં આવી. જેમાં રોટરીકલબ ઓફ અમદાવાદ સાઉથના પ્રમુખશ્રી નૌતમભાઈ દલાલે અતિથિવિશેષ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓને શપથવિધિ કરાવી, આ પ્રસંગે યુથ એકટીવીટીઝના ચેરમેન શ્રી અભયભાઈ શાહે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે આચાર્ય અને નિયામક, શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ-૩૮૦૦૦૭.